-: G K MASTER :-

Most IMP for GPSC class 1/2
& other exam

# ભારતનો ઈતિહાસ
## દિલ્હી સલ્તનત

# તુઘલક વંશ
# (1320-1412)

Shyamkumar Parmar

GK

# ગ્યાસુદ્દીન તુઘલક

## 1320–1325

| | |
|---|---|
| મૂળ નામ : | ગાજી મલિક અથવા તુઘલક ગાજી |
| શાસન : | 5 વર્ષ |
| પુત્ર : | મુહમ્મદ બિન તુઘલક |
| ભાઈ : | રજબ |
| વંશ : | તુઘલક |
| ધર્મ : | ઈસ્લામ |
| મૃત્યુ : | માર્ચ 1325 |

→ ભારતમાં તુઘલક વંશની સ્થાપના **ગ્યાસુદ્દીન તુઘલકે** કરી હતી અને તે **કરૌના** જનજાતિ સાથે સંબંધ ધરાવતો હતો. તેણે કુલ 29વાર મંગોલ આક્રમણને નિષ્ફળ કર્યું હતું. સુલતાન બન્યા પહેલા તે **કુતુબુદ્દીન મુબારક ખિલજી**ના શાસનકાળમાં ઉત્તર–પશ્ચિમ સીમાંત પ્રાંતનો શક્તિશાળી ગવર્નર તરીકે નિયુક્ત હતો. તે દિલ્હી સલ્તનતનો પહેલો સુલતાન હતો કે જેણે પોતાના નામ સાથે **'ગાજી'(કાફિરોનો વધ કરનાર)** શબ્દ જોડયો હતો. ગ્યાસુદ્દીને દિલ્હી સલ્તનત પર 5 વર્ષ શાસન કર્યું હતું. તેણે **'રસ્મ–એ–મિયાન'** નામથી રાજસ્વ સુધારની વ્યાવહારિક, આર્થિક નીતિ અપનાવી હતી. તેણે ભૂમિકરના ઉપજનો 1/10, 1/12 ભાગ વસૂલ કરવાનો આદેશ પોતાની પ્રજાને આપ્યો હતો. ગ્યાસુદ્દીન તુઘલકની **'ડાક વ્યવસ્થા'** શ્રેષ્ઠ હતી. તેનામાં ધાર્મિક સહિષ્ણુતાનો અભાવ હતો. તે સ્વભાવે દાનવીર અને જનકલ્યાણના કાર્યોમાં ખૂબજ રસ ધરાવતો હતો. બરનીના મત મુજબ તેની સેનામાં ગીજ, તૂર્ક, મંગોલ, રૂમી, તાજિક, ખુરાસાની, મેવાતી તેમજ દોઆબના રાજપૂત સૈનિકો હતા. **ઈ.સ 1321**માં ગ્યાસુદ્દીને **વારંગલ** પર આક્રમણ કર્યું, પરંતુ ત્યાંનો કાકતીય રાજા પ્રતાપ **રૂદ્રદેવ**ને પરાજિત કરવામાં અસફળ રહ્યો હતો. ઈ.સ 1323માં બીજા અભિયાનના અંતર્ગત ગ્યાસુદ્દીને શાહજાદા **જૈનખાન(મુહમ્મદ બિન તુઘલક)**ને દક્ષિણ ભારતમાં સલ્તનતના પ્રભુત્વની પુન: સ્થાપના માટે મોકલ્યો. જૌનખાને વારંગલના કાકતીય તથા મદુરાના પાંડય રાજ્યોને પરાજિત કરી દિલ્હી સલ્તનતમાં જોડી દીધા હતા. ગ્યાસુદ્દીન એક સામ્રાજ્યવાદી હતો. ગ્યાસુદ્દીન જ્યારે બંગાળમાં હતો, ત્યારે સૂચના મળી કે જૌનખાન, **નિજામુદ્દીન ઓલિયા**નો

GK Master 95376 27593

શિષ્ય બની ગયો અને તે જૌનખાનને રાજા બનાવવાની ભવિષ્યવાણી કરે છે ત્યારે ગ્યાસુદ્દીન ઓલિયાને ધમકી આપે છે. ધમકીના ઉત્તરમાં ઓલિયાએ કહ્યું હતું કે **'હનુજ દિલ્હી દૂર અસ્ત'** અર્થાત દિલ્હી ખૂબ દૂર છે. હિંદુ પ્રજાને પ્રતિ ગ્યાસુદ્દીન તુઘલકની નીતિ કઠોર હતી તથા તે સંગીતનો ખૂબજ વિરોધી હતો.

- **સાર્વજનિક સુધારાઓ :**

→ પ્રજાની સુવિધા માટે પોતાના શાસનકાળમાં તેણે કિલ્લા, પુલો અને નહેરોનું નિર્માણ કરાવ્યું હતું. સલ્તનતકાળમાં **ડાક વ્યવસ્થા**ને સુદ્રઢ કરવાનો શ્રેય ગ્યાસુદ્દીન તુઘલકને ફાળે જ જાય છે. તે એક કટ્ટર મુસલમાન હતો. ઈસ્લામ ધર્મમાં વિશ્વાસ અને તેના સિધ્ધાંતોનો તે સમદારીપૂર્વક પાલન કરતો તથા અન્ય ધર્મો પ્રત્યે સહિષ્ણુતાની નીતિ અપનાવી હતી.

- **સ્થાપત્યો :**

→ ગ્યાસુદ્દીન તુઘલકે **તુઘલકાબાદ**માં પોતાના મકબરાનું નિર્માણ કરાવ્યું હતું.

- **અવસાન :**

→ જ્યારે ગ્યાસુદ્દીન તુઘલક બંગાળ અભિયાન પૂરું કરી પરત આવતો હતો ત્યારે તુઘલકાબાદથી 8 કિલોમીટર દૂર સ્થિત **અફઘાનપુર**માં એક મહેલમાં સુલતાન ગ્યાસુદ્દીન પ્રવેશ કરતા જ તે મહેલ તેની ઉપર ધરાસાહી થયો હતો. જેમાં તે દબાઈ **માર્ચ 1325**માં મૃત્યુ પામ્યો. આ ઘટના બની ત્યારે **શેખ રૂકનુદ્દીન** મહેલમાં મોજુદ હતો.

GK Master 95376 27593

# મુહમ્મદ બિન તુઘલક

## 1325-1351



| | |
|---|---|
| જન્મ : | ઈ.સ 1300 |
| મૂળનામ : | ઉલૂગખાન |
| પિતા : | ગ્યાસુદીન તુઘલક (જૌનખાન) |
| ધર્મ : | ઈસ્લામ |
| વંશ : | તુઘલક |
| મૃત્યુ : | 20 માર્ચ 1351 થટ્ટા, સિંધ |

→ ગ્યાસુદીન તુઘલકના મૃત્યુ પછી તેનો પુત્ર જૌનખાન(મુહમ્મદ બિન તુઘલક)ના નામથી દિલ્હીની ગાદીએ બેઠો. તેનું મૂળ નામ ઉલૂગખાન હતું. તે શિક્ષિત વિદ્વાન અને એક યોગ્ય શાસક વ્યક્તિ હતો. ખિલજી વંશના છેલ્લા શાસક નાસિરૂદીન ખુશરવશાહના મૃત્યુ બાદ ગ્યાસુદીન તુઘલકશાહે ઈ.સ 1320માં તુઘલક વંશના શાસનની દિલ્હીમાં સ્થાપના કરી હતી. મુહમ્મદ બિન તુઘલક ગ્યાસુદીન તુઘલકનો જ્યેષ્ઠ પુત્ર હતો. તેને ઈતિહાસમાં રૂમનુદીન મુહમ્મદ જૂનેખાનના નામથી પણ ઓળખવામાં આવે છે. તે પણ બાળપણથી અતિ મહત્ત્વકાંક્ષી યુવાન હતો તથા કુશળ બુધ્ધિમાન અને વિદ્વાન હતો. તેણે બાલ્યવયમાં અનેક વિદ્યાઓનો અભ્યાસ કર્યો હતો. તેની કાર્યકુશળતાથી પ્રભાવિત થઈને જ દિલ્હીના સુલતાન થતાં જ ગ્યાસુદીને મુહમ્મદ તુઘલકને ઉલૂગખાનનો ખિતાબ આપ્યો હતો.

GK Master 9537627593

- **ખોરાસાન વિજયની યોજના :**

→ તેણે શાસનકાળના પ્રારંભમાં **<u>ખોરાસન, ઈરાન અને ટ્રાન્સ–ઓક્સિયાન</u>**નો વિજય કરવાની યોજના બનાવી હતી. સુલતાને એક વર્ષ સુધી લશ્કર પાછળ ખર્ચ કરીને તેને વિખેરી નાખ્યું. આ સંદર્ભમાં બર્નીએ નોંધ્યું છે કે ખોરાસન જિતાયું નહીં અને રાજકીય સત્તાના સ્ત્રોતરૂપ શાહી ખજાનો ખલાસ થઈ ગયો.

- **કરાચીલ ઉપર આક્રમણ 1337-1338 :**

→ કરાચીલ હિમાચલ પ્રદેશની કુમાઉ–ગઢવાલ ટેકરીઓમાં આવેલું નાનું સરહદી હિંદુ રાજ્ય હતું. મુહમ્મદ તુઘલકે પોતાની સલ્તનતની ઉત્તર સરહદને સુરક્ષિત કરવાના આશયથી આ લશ્કરી આક્રમણ કર્યું, પરંતુ કમનસીબે ભારે વર્ષાને કારણે સૈનિકોમાં પ્લેગ ફેલાયો અને ઘણાખરા તો તેને કારણે જ મરણ પામ્યા. જો કે **<u>ખુશરો મલિક</u>** કરાચીલના હિંદુ રાજા પાસેથી દંડ વસૂલ કરવામાં સફળ થયો. આમ, સુલતાન તેને રાજકીય ઉદ્દેશ્ય હાંસલ કરવામાં સફળ થયો.

→ પિતાના મૃત્યુ બાદ 40 દિવસ તે દિલ્હીમાં પ્રવેશ્યો ન હતો તથા તુઘલખાબાદમાં શોક પાળ્યો હતો. ત્યાર બાદ તેણે દિલ્હીના પ્રવેશ કર્યો હતો. આ સમયે દિલ્હીના રસ્તાઓ, મહેલના ઝરૂખાઓ, ઘુમ્મટો શણગારવામાં આવ્યા હતા. તેણે દિલ્હીમાં પ્રવેશ કર્યો ત્યારે તેની સવારીની આગળ સોના–ચાંદીના સિક્કાઓ ઉછાળવામાં આવ્યા હતા તથા હિંદુ–મુસ્લિમ બધાએ તેના નામનો જયજયકાર કર્યો હતો. લોકોને મુહમ્મદ તુઘલકમાં ઘણો વિશ્વાસ અને શ્રધ્ધા હતી. વળી, રાજ્યાભિષેક સમયે પણ પ્રજાને વડીલ અને પોતાના ભાઈ–બહેન સમાન પોતે સમજશે તેવું વચન આપ્યું હતું. તેમ જ મુહમ્મદને પણ વિશ્વાસ હતો કે તેના પૂર્વાધિકારીઓ કરતા તે વધુ સફળ નીવડશે, તેથી તેણે ગાદી ઉપર આવતા જ નવા પ્રયત્નો શરૂ કર્યા હતા. તેના દરેક સુધારા બૌધ્ધિક અને ઘણા જ ઉત્તમ પ્રકારના હતા, પરંતુ તેના સુધારાઓને સમજવા જેટલી પ્રજા બૌધ્ધિક રીતે સક્ષમ ન હતી. તેમ જ પ્રારબ્ધ પણ પ્રતિકૂળ હતું તેને કારણે, તેની સર્વ યોજનાઓ નિષ્ફળ નિવડી, તેને કારણે ઈતિહાસકારો તે અર્ધપાગલ ગણે છે. કોઈપણ ઈતિહાસકારે તેના ચારિત્ર્યને યોગ્ય રીતે તપાસવાનો પ્રયત્ન કર્યો નથી, તેવું જણાય છે. તેણે અમલમાં મૂકેલા સુધારાઓ નીચે પ્રમાણે હતા.

- **કરવેરા :** મુહમ્મદ બિન તુઘલકે રાજ્યારોહણ બાદ તુરત જ સલ્તનતની કરનીતિ સુધારવા પગલા લીધા હતા. આજ સુધી પ્રાંતોમાં આવક–જાવકના હિસાબો લખવાની પરંપરા ન હતી તે મુહમ્મદે શરૂ કરાવી. હિસાબો લખવાના સાધનો પ્રાંતોમાં મોકલવા આદેશ આપ્યો. તેની ઈચ્છા સમગ્ર સલ્તનતમાં એકસરખી કરનીતિ અમલમાં

GK Master 9537627593

મૂકવાની હતી અને તે દ્વારા એકસરખા ધોરણો સમગ્ર દેશમાં લાગુ કરવા તેણે પગલા ભર્યા હતા.

- **દોઆબમાં કર** : દોઆબના પ્રદેશમાં કરવૃધ્ધિ એ સુલતાનની એક મહત્ત્વકાંક્ષી યોજના હતી, પરંતુ તેમ કરતા પહેલા તેણે બે નવા વિભાગો– **'દીવાન–એ–મુસ્ત ખરાજ'** અને **'દીવાન–એ–કોહી'**ની સ્થાપના કરી. હતી. સલ્તનતની આવક વધારવા તેણે દોઆબમાં ગૌચર, ઘરવેરો વગેરે દાખલ કર્યા. તેની ઈચ્છા રાજ્યની 10 ટકા આવક વધારવાની હતી, પરંતુ પ્રજાએ આ કરનો ઉગ્ર વિરોધ કર્યો. દરેક ઘરને નંબર અપાવ્યા તથા પશુઓની નોંધણી શરૂ થઈ તથા રાજ્યના અધિકારીઓએ બળજબરીથી વસૂલાત શરૂ કરી. આ કર નવો ન હતો. અલ્લાઉદ્દીન આ પ્રકારના કર વસૂલ કરતો જ હતો, પરંતુ તેની ધાકને કારણે વિરોધ થયો ન હતો. જ્યારે મુહમ્મદ તુઘલક સામે પ્રજાકીય વિરોધ પ્રબળ બન્યો ત્યારે લોકોએ ખેતરો ખેડવાના બંધ કર્યા તથા પ્રજાએ લૂંટફાટ શરૂ કરી. પરિણામે નવો કર તો વસૂલ ન થઈ શક્યો, પરંતુ ખેતરો વણખેડાયેલા રહેતા મહેસૂલ પણ વસૂલ થઈ શક્યું નહી. અંતે પ્રજાકીય વિરોધ જોતા નવો કર નાબૂદ કરવામાં આવ્યો, પરંતુ રાજ્યને જે ખોટ ગઈ તે વસૂલ થઈ શકી નહી તેમ જ વધુમાં સુલતાન પ્રજામાં અપ્રિય બન્યો.

- **ખેતી સુધારણા** : મુહમ્મદ બિન તુઘલકે કરેલો ખેત સુધારણા માટેનો પ્રયોગ એ સલ્તનતયુગ દરમિયાનનો પ્રથમ પ્રયોગ હતો. તેણે સૌપ્રથમવાર ખેતીવાડી વિભાગ શરૂ કર્યો. આ વિભાગનું નામ **'દિવાન–એ–કોહી'** હતું અને તેને **'અમીર–એ–કોહી'** નામના અધિકારીની સત્તા નીચે મૂક્યો હતો. તેનો ઉદ્દેશ્ય રાજ્યમા કૃષિ યોગ્ય ભૂમિ વધારવાનો તથા ઉત્પાદનમાં વૃધ્ધિ કરવાનો હતો. આ પ્રયોગમાં રાજ્યના ખર્ચે **60 ચો.માઈલ** જમીનનો ટૂકડો પસંદ કર્યો અને રૂ. 17 લાખ પ્રયોગ માટે ફાળવવામાં આવ્યા. તેણે જરૂરિયાત મંદોને જમીન તથા બિયારણ માટે નાંણા આપ્યા. ઉત્પાદનના રક્ષણ અને માર્ગદર્શન માટે મોટી સંખ્યામાં માણસોને નિયુક્ત કરવામાં આવ્યા, પરંતુ અનેક કારણોસર આ પ્રયોગ નિષ્ફળ ગયો તે માટે નીચેના કારણો જવાબદાર હતા.

1) પસંદ કરેલ જમીન ઉપજાઉ ન હતી.

2) આ પ્રયોગ તે સમયના યુગ માટે તદ્દન નવો હતો. વળી, ભૂતકાળમાં આવો પ્રયોગ થયો ન હતો કે જેમાંથી કંઈક પણ ઉદાહરણરૂપ માર્ગદર્શન મળે.

3) પ્રયોગની સફળતા માટે સુલતાને પૂરતું ધ્યાન ન આપ્યું.

4) ત્રણ વર્ષમાં આ પ્રયોગ નિષ્ફળ ગયો એમ જાણીને બંધ કરવામાં આવ્યો, પરંતુ વાસ્તવમાં ખેતીના પ્રયોગો લાંબા ગાળાના રાખેલ હોવાથી તેના તાત્કાલિક પરિણામોની અપેક્ષા રાખી ન શકાય.

GK Master 9537627593

5) યોજના માટે જે નાણાં ફાળવવામાં આવેલ તેનો દુરુપયોગ ખૂબ થયો હતો. ભ્રષ્ટાચારી અધિકારીઓ ઘણુંખરું ચાવી ગયા. જ્યારે બાકીના નાણાં ખેડૂતોએ પોતાની ગરીબી અને ભૂખ દૂર કરવામાં વાપરી નાખ્યા. પરિણામે પ્રયોગ પાછળ જૂજ નાંણા વપરાયા હતા. આમ રાજ્યની આવક વધારવા માટે મુહમ્મદે કરેલ આ ઉમદા પ્રયોગ નિષ્ફળ ગયો.

- **રાજધાની પરિવર્તન (1326-27)** : ઈ.સ 1326-27માં સલ્તનતની રાજધાની દિલ્હીથી **દોલતાબાદ** ફેરવવાનું મુહમ્મદે નક્કી કર્યું. આ દુર્ભાગયપૂર્ણ સંકલ્પ માટે વિવિધ ઈતિહાસકારોએ અનેક કારણો આપ્યા છે. બર્નીને મતે સુલતાને દેવગીરીને **'દાર–ઉલ–મુલ્ક'** તરીકે એટલા માટે પસંદ કરેલ કે તે સમગ્ર સલ્તનતની મધ્યમાં હતું. ઈબ્નબતુના મતે દિલ્હીના લોકો સુલતાનને ગાળો લખેલા પત્રો મોકલતા હતા, તેથી પ્રજાને શિક્ષા કરવા માટે તેણે દિલ્હી ઉજ્જડ કરવાનું વિચાર્યું હશે. ઈસામી નોંધે છે કે સુલતાન દિલ્હીની પ્રજા તરફ શંકાશીલ હતો તેથી તેને મહારાષ્ટ્ર તરફ ફેંકીને તેની શક્તિ ક્ષીણ કરવા માગતો હતો.

→ ઉપરોક્ત અનુમાનોના સંદર્ભમાં જોઈએ તો તે પોતાની પ્રજાને ત્રાસ દેવા માટે દક્ષિણમાં રાજધાની લઈ ગયો હતો તે દલિત યોગ્ય જણાતી નથી, કારણ કે રાજધાની પરિવર્તન સમયે તેણે પ્રજાની કલ્પનાતીત સહાય કરી હતી. સમકાલીન ઈતિહાસકારોએ મુહમ્મદ બિન તુઘલકને હલકો ચીતરવા માટે ઘણી અતિશયોક્તિઓ કરી છે. વાસ્તવમાં મુહમ્મદ બુધ્ધિમાન હતો, તેથી રાજધાનીને મંગોલોના આક્રમણોથી સુરક્ષિત રાખવા માટે અથવા તો ભારતની મધ્યમાં રાજધાની રાખીને સમગ્ર ભારત ઉપર ધ્યાન રાખવાના આશયથી પરિવર્તનનો પ્રયોગ કર્યો હતો.

→ દિલ્હીથી દોલતાબાદ જવા માટે તેણે પ્રજાને આદેશ આપ્યો. બધાના મકાનોની કિંમત ચૂકવીને સુલતાને ખરીદી લીધા કે જેથી પ્રજાજનો દોલતાબાદમાં મકાન ખરીદી શકે. દિલ્હીથી દોલતાબાદ જતાં દિલ્હીવાસીઓને તકલીફ ન પડે તે માટે રસ્તાની બંને બાજુ છાંયડાવાળા વૃક્ષો ઉગાડયા હતા. સરાઈઓ તથા આરામ, પાણી, દવા, ખોરાકની વ્યવસ્થા કરી હતી, પરંતુ દોલતાબાદના હિંદુ વાતાવરણમાં મુસ્લિમ પ્રજા ભળી શકી નહિં. પરિણામે 1 વર્ષ બાદ પાટનગર ફરી પાછું દિલ્હી લઈ ગયો હતો અને નવતર પ્રયોગ નિષ્ફઈ નિવડયો.

→ વાસ્તવમાં આ પ્રયોગ વણવિચાર્યે કે ઉતાવળમાં લીધો ન હતો, પરંતુ પાટનગર પરિવર્તનમાં માત્ર સુલતાન તથા તેની ઓફિસો જ દોલતાબાદ લઈ જવાની જરૂર હતી. તો આપોઆપ વ્યાપારીઓ વગેરે પણ દોલતાબાદ આવ્યા હોત તથા પ્રજાજનોને ત્રાસ ન થાત.(દા.ત ગુજરાતની રાજધાની અમદાવાદથી ગાંધીનગર ફેરવવામાં આવી ત્યારબાદ ગાંધીનગરની રોનક આપોઆપ વધી છે.)

GK Master 9537627593

પરંતુ જ્યારે દોલતાબાદથી દિલ્હી પાટનગર સ્થળ તરીકે ફરી પસંદ કરવામાં આવ્યું તેની સાથે જ દોલતાબાદ તૂટી પડ્યું અને પોતાની રોનક ફરી ક્યારેય પ્રાપ્ત કરી શક્યું નહીં. આ પ્રયોગને કારણે મુહમ્મદ ઘણી જ ટીકા કરવામાં આવી છે.

- **ચલણી સુધારા (1329-30)** : ભારતીય ચલણના ઈતિહાસમાં મુહમ્મદ બિન તુઘલકનું નામ અદ્વિતીય અને મહત્ત્વનું છે. તેને **મુદ્રા ઢાળનાર રાજા** તરીકે પણ ઘણાં ઓળખે છે. તેણે બહુમૂલ્ય ધાતુના સિક્કાનું મૂલ્યનિર્ધારણ કર્યું તથા નવા કલાત્મક સિક્કા બહાર પાડયા હતા. સાંકેતિક મુદ્રાનો પ્રયોગ તેણે અમલમાં મૂક્યો હતો. તેણે પિત્તળ કે અન્ય જેવી કે કાંસા કે ત્રાંબાના સિક્કા બહાર પાડયા. (બર્ની ત્રાંબાના સિક્કા કહે છે, જ્યારે ફરિસ્તા કાંસા કે ત્રાંબાના હતા એમ કહે છે.)

→ મુહમ્મદ બિન તુઘલકે સાંકેતિક મુદ્રા શા માટે અમલમાં મૂકી તે માટે વિવિધ ઈતિહાસકારો અનેક કારણો આપે છે. પણ આ બધા જ કારણો અને શંકાઓમાં સત્ય કે તથ્ય જણાતું નથી. મુહમ્મદ બુધ્ધિમાન પ્રયોગશીલ માનસ ધરાવતો શાસક હતો. તેના રાજકોશમાં કિંમતી ધાતુનો અભાવ પણ ન હતો. વળી, આ પ્રયોગ વિશ્વનો પ્રથમ પ્રયોગ પણ ન હતો. તેની પહેલા ચીનમાં **કુબ્લાઈખાને** તથા ઈરાનમાં **ગૈહાતુખાને** પ્રયોગ કર્યા હતા, છતાં પણ મુહમ્મદ તુઘલકનો આ પ્રયોગ કરુણ રીતે નિષ્ફળ ગયો તથા પ્રજાને તથા રોજકોશને ઘણું જ નુકસાન થયું હતું. મુહમ્મદે સાંકેતિક મુદ્રાને સોના–ચાંદીના સિક્કાની સમકક્ષ ગણવાનું જાહેર કર્યું હતું, પરંતુ તેણે નાણાં ટંકશાળ માટે રાજ્યના એકાધિકારનો આદેશ બહાર પાડયો ન હતો. તેમ જ બનાવટી સિક્કાને બજારમાં ફરતા અટકાવવા કોઈ પગલા લીધા નહિં. તેને કારણે લોકો ઘેર સિક્કા બનાવવા લાગ્યા હતા. બર્ની નોંધે છે કે પ્રત્યેક હિંદુનું ઘર ટંકશાળા બની ગયું હતું, પરંતુ આ વિધાન પૂર્વગ્રહયુક્ત હતું, કારણ કે પ્રલોભનમાંથી મુસ્લિમો બાકાત ન હતા.

→ સાંકેતિક નાણાંને નિષ્ફળતા મળી તે માટે ઘણા કારણો જવાબદાર હતા. નાણું કાગળ કે ધાતુનું છે તે અગત્યનું નથી કે તેમાં લાંબી વિચારસરણીની જરૂર પણ ન હતી. જ્યાં સુધી પ્રજા તેને રાજકીય ધન તરીકે સ્વીકારે નહિં ત્યાં સુધી નાંણાને સફળતા મળતી નથી. આ પ્રયોગને કારણે ભારતના નિકાસ વ્યાપારને ઘણું નુકસાન થયું હતું. આ પ્રયોગ દરમિયાન ચોમેર ભયંકર અવ્યવસ્થા ઊભી થઈ તથા પોતાની નજર સામે મુહમ્મદે પોતાના આ અભિનવ પ્રયોગને નિષ્ફળ થતો જોયો તેથી તેણે પ્રજા પાસે જેટલું સાંકેતિક નાણું હોય તે રાજકોશમાં જમા કરાવી તેના બદલામાં સોના–ચાંદીના સિક્કા લઈ જવા માટે જણાવ્યું. ઘણા લોકોએ રાતોરાત ઢગલાબંધ નવા સિક્કા બનાવ્યા તથા એટલા જ પ્રમાણમાં સોનું–ચાંદી પ્રાપ્ત કર્યા. મૂહમ્મદના આ પ્રયોગની નિષ્ફળતા માટે

GK Master 95376 27593

કંઈક અંશે પોતે તથા કંઈક અંશે પ્રજાનો દ્વેષભાવ જવાબદાર હતો. સૌથી મોટી ભૂલ એ હતી, સુલતાન પોતાના યુગની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં નિષ્ફળ ગયો હતો.

- **ધાર્મિક** : મૂહમ્મદ બિન તુઘલકે પણ અલ્લાઉદ્દીનને નજર સમક્ષ રાખી શરિયતને તથા ઉલેમાઓને રાજકારણીથી દૂર રાખ્યા હતા. તે ધાર્મિક બાબતોમાં ઉદાર અને સહિષ્ણુ હતો. તેને ધર્મની બૌધ્ધિક ચર્ચાઓ ખૂબ પસંદ હતી. ભારતની બહુમતી હિંદુ પ્રજા તરફ તે અસહિષ્ણુ ન હતો. રાજ્યના ઉચ્ચ પદ ઉપર અનેક હિંદુઓને તેણે નીમ્યા હતા. ઈબ્નબતુતાએ નોંધ્યું છે કે 'દરરોજની સવારની નમાજ પછી સુલતાન દાર્શનિક વિવાદમાં વ્યસ્ત રહેતો હતો.' ઈસામી પણ નોંધે છે કે તે યોગીઓ સાથે ખૂબ વિવાદ કરતો હતો તથા એકવાર જૈન સ્વામી <u>જીનપ્રભુસૂરી</u> સાથે અડધીરાત સુધી તેણે ચર્ચા કરી હતી તથા તેમને કિંમતી ભેટો ઉપરાંત 1 હજાર ગાય ભેટ આપી હતી. દિલ્હીનો આ પ્રથમ સુલતાન હતો કે જેણે હોળીમાં ભાગ લીધો હોય. તેણે શેત્રુંજ્ય તથા ગીરનારની યાત્રા પણ કરી હતી તથા ત્યાં ધર્મશાળાના નિર્માણ માટે ફરમાન પણ કર્યું હતું. <u>બહિરાગઢ</u>ના શિલાલેખ મુજબ તેણે <u>ગોમઠ(ગૌશાળા)</u>નું નિર્માણ કર્યું હતું. સુલતાનની કાફિરો તરફની ઉદારતાને કારણે સમકાલીન મુસ્લિમ ઈતિહાસકારોએ મૂહમ્મદના બધા જ પગલાઓને પૂર્વગ્રહથી જ જોયા હતા જ્યાં તેની ટીકા જ કરી છે. તેને કારણે વર્તમાન સંશોધકોએ પણ મૂહમ્મદ બિન તુઘલકના કાર્યો વિશે પૂરતો અભ્યાસ કર્યા વિના તેને <u>અર્ધપાગલ સુલતાન</u> તરીકે ઉતારી પાડવા પ્રયત્ન કર્યો છે.

- **પદ વ્યવસ્થા** : સિંહાસન પર આવ્યા બાદ તુઘલકે અમીર તેમજ સરદારોને વિવિધ પદો પર નિયુક્ત કર્યા હતા. તેમાં <u>તાતારખાન</u>ને <u>'બહરામખાન'</u> ની ઉપાધિ, <u>મલિક કબૂલ</u>ને <u>'ઈમાદ–ઉલ–મૂલ્ક'</u>ની ઉપાધિ તેમજ <u>'વજીર–એ–મુમાલિક'</u>નું પદ આપ્યું હતું. <u>મલિક અરૂયાજ</u>ને <u>'ખ્વાજાજહાં'</u>ની ઉપાધિ સાથે <u>'શહના–એ–ઈમારત'</u>નું પદ, <u>મૌલાના ગ્યાસુદ્દીન</u>(સુલતાનનો ઉપાધ્યક્ષ)ને <u>'કુતુલુગખાન'</u>ની ઉપાધિ સાથે <u>'વકીલ–એ–દર'</u>ની પદવી આપી, પોતાનો ભાઈ <u>ફિરોજશાહ તુઘલક</u>ને <u>'નાયબ બારબક'</u>ના પદ પર નિયુક્તિ કરી હતી.

→ મુહમ્મદ બિન તુઘલક દિલ્હીના બધા સુલતાનોમાં સર્વાધિક એક કુશળ વ્યક્તિ, બુધ્ધિ સંપન, ધર્મ નિરપેક્ષ, કલા પ્રેમી હતી. તે <u>અરબી</u> ભાષા તેમજ <u>ફારસી</u> ભાષાનો વિદ્વાન તથા <u>ખગોળશાસ્ત્ર, દર્શન, ગણિત, ચિકિત્સા તથા તર્કશાસ્ત્ર</u> વગેરેમાં પારંગત હતો.

→ મુહમ્મદ બિન તુઘલક સિંહાસન પર આવ્યો ત્યારે દિલ્હી સલ્તનત કુલ <u>23</u> પ્રાંતોમાં વિભાજિત હતું. તેમાં પ્રમુખ પ્રાંતોમાં દિલ્હી, દેવગીરી, લાહોર, મુલ્તાન,

GK Master 9537627593

સરમુતી, ગુજરાત, અવધ, કનોજ, લખનૌતી, બિહાર, માળવા, જાજનગર(ઉડીસા), દ્વારસમુદ્ર વગેરે હતા. **કાશ્મીર** અને **બલૂચિસ્તાન** દિલ્હી સલ્તનતમાં સામેલ ન હતા.

→ દેવગીરીને **'કુવ્વતુલ ઈસ્લામ'** પણ કહેવામાં આવતું. સુલતાન કુતુબુદ્દીન મુબારક ખિલજીએ દેવગીરીનું નામ **'કુતુબાબાદ'** રાખ્યું હતું જે મુહમ્મદ બિન તુઘલકે તેનું નામ બદલી **દૌલતાબાદ** કર્યું હતું. **એડવર્ડ ટોમસે** તેને **'ધનવાનોના રાજકુમાર'** કહ્યો છે. મુહમ્મદે **'દોકાની'** નામના સિક્કાઓ પડાવ્યા હતા. મુહમ્મદના દરબારમાં ફારસીનો વિદ્વાન શાયર **બદ્રુદ્દીન ચાચ** શોભાવતો હતો, તેણે તુઘલકના પરાક્રમોનું વર્ણન **'શાહનામા'** નામની કૃતિમાં કર્યું છે.

→ ભારતના ઈતિહાસમાં એવો કોઈ સુલતાન થઈ ગયો નથી કે જેને માટે આટલો વિવાદ થયો હોય. બર્ની–ઈબ્નબતુતા વગેરેએ સુલતાન મૂહમ્મદ બિન તુઘલકના ચારિત્ર્ય અને વ્યક્તિત્વ માટે પરસ્પર વિરોધી મંતવ્યો આપ્યા છે. આધુનિક લેખકોએ પણ વિવિધ રીતે મૂહમ્મદનું ચરિત્ર–ચિત્રણ કર્યું છે. આ સર્વ પ્રકારના મંતવ્યોથી અલિપ્ત રહીને જોવામાં આવે તો મૂહમ્મદ એક સજ્જન, શિક્ષિત, ચારિત્ર્યશીલ સુલતાન હતો. માત્ર નશીબે તેને સાથ ન આપ્યો.

→ કેટલાક ઈતિહાસકારો તેને તરંગી–ગાંડો ગણે છે, પરંતુ તેને માટે કરવામાં આવેલી આ ટીકા વધુ પડતી કડક જણાય છે, તે થોડાઘણા અંશે તરંગી જરૂર હતો, પરંતુ પાગલ ન હતો. તેણે જે પ્રયોગો અમલમાં મૂક્યા હતા તે બધા વિચારશીલ હતા, પરંતુ સફળતા ન મળી કે તેનું યોગ્ય આયોજન થઈ શક્યૂં નહી તે માટે તેનું વહીવટીતંત્ર તેમ જ તેને સાથ અને સહકાર ન આપનાર પ્રજા પણ જવાબદાર હતી. વિશેષમાં તેના સમકાલીન ઈતિહાસકારો ધર્માંધ અને કટ્ટરતાવાદી હતા. મૂહમ્મદ પાસેથી આ લેખકો અલ્લાઉદ્દીન જેવી કટ્ટર નીતિની અપેક્ષા રાખતા હતા, પરંતુ મૂહમ્મદે તેની આ ઈચ્છા ન સંતોષતા તેણે ઉદારતાવાદી, ધર્મસહિષ્ણુ નીતિ અમલમાં મૂકી હતી. તેને પરિણામે તેના યુગના લેખકોએ મૂહમ્મદની વધુ પડતી અને અતિશયોક્તિ ભરી ટીકા કરી છે. તેને પરિણામે આધુનિક ઈતિહાસકારોએ મૂહમ્મદના કાર્યોનો તલસ્પર્શી અભ્યાસ કરવાને બદલે આ વિધાનો ઉપર વિશ્વાસ રાખી મૂહમ્મદ બિન તુઘલકના ચારિત્ર્યનું વિશ્લેષણ કર્યું છે તેવું જણાય છે. તેને પરિણામે જ સલ્તનતયુગના ઈતિહાસમાં મૂહમ્મદ બિન તુઘલક સૌથી વિશેષ ચર્ચાસ્પદ રહ્યો છે.

- **મહત્વના વિદ્રોહ :**

→ તેના શાસનકાળમાં કુલ 34 વિદ્રોહ થયા હતા. તેમાં 27 વિદ્રોહ દક્ષિણ ભારતમાં જ થયા હતા. સિંધ અને મુલ્તાનનો સૂબેદાર **બહરામ આઈબા–ઉર્ફ–કિશ્લૂખાને ઈ.સ 1327-28**માં વિદ્રોહ કર્યો હતો. **સૈયદ જલાલુદ્દીન હસનશાહે ઈ.સ 1334-35**માં

GK Master 95376 27593

માલબારમાં વિદ્રોહ કર્યો હતો. **ઈ.સ 1337-38**માં કડાનો સૂબેદાર **નિજામે** વિદ્રોહ કર્યો હતો તથા **ઈ.સ 1338-39**માં બીદરનો સૂબેદાર **નુસરતખાને** વિદ્રોહ કર્યો હતો, પરંતુ મુહમ્મદ બિન તુઘલકે આ બધા જ વિદ્રોહનું દમન કર્યું હતું.

→ મુહમ્મદ બિન તુઘલકના શાસનકાળમાં દક્ષિણમાં **ઈ.સ 1336**માં **હરિહર** તેમજ **બુક્કા** નામના બે ભાઈઓએ સ્વતંત્ર **વિજયનગર**ની સ્થાપના કરી હતી.

→ આફ્રિકન રાજદૂત **ઈબ્નબતૂતાને ઈ.સ 1333**માં સુલતાને પોતાના રાજદૂત રૂપે **ચીન** મોકલ્યો હતો. ઈબ્નબતૂતાએ પોતાનું પુસ્તક **'રેહલા'**માં મુહમ્મદ બિન તુઘલકના સમયની ઘટનાઓ વિશે વિસ્તૃત વર્ણન કરેલ છે. મુહમ્મદ બિન તુઘલક ધાર્મિક રીતે સહિષ્ણુ હતો. તેણે જૈન વિદ્વાન તેમજ સંત **જિનપ્રભુ સૂરી**ને પોતાના દરબારમાં બોલાવી સન્માનિત કર્યા હતા. મુહમ્મદ બિન તુઘલક દિલ્હી સલ્તનતનો પ્રથમ સુલતાન હતો કે જેણે હિંદુ તહેવારો **(હોળી,દિવાળી)**માં ભાગ લીધો હતો.

→ દિલ્હીના પ્રસિધ્ધ સૂફી **શેખ શિહાબુદ્દીન**ને **'દીવાન–એ–મુસ્તખરાજ'** તરીકે નિયુક્ત કર્યા હતા તથા શેખ મુઈજુદ્દીનને ગુજરાતનો ગવર્નર તથા સૈયદ કલામુદ્દીન અમીર કિરમાનીને પોતાના સેનામાં નિયુક્ત કર્યા હતા.

- **અવસાન :**

→ પોતાના શાસનકાળના અંતિમ સમયમાં જ્યારે સુલતાન મુહમ્મદ તુઘલક ગુજરાતમાં વિદ્રોહને દબાવી તાર્ગીને સમાપ્ત કરી સિંધ બાજુ એ આગળ વધ્યો તો રસ્તામાં થટ્ટાની નજીક ગોંડાલ પહોંચી ત્યાં ગંભીર રૂપે બીમાર પડયો અને **20 માર્ચ 1351**માં તે મૃત્યુ પામ્યો.

→ મૃત્યુ બાદ ઈતિહાસકાર બદાયૂનીએ કહ્યું કે, સુલતાન મુહમ્મદને પોતાની પ્રજાથી અને પ્રજાને પોતાના સુલતાનથી મુક્તિ મળી ગઈ. ઈતિહાસકાર ઈસામીએ સુલતાન મુહમ્મદ બિન તુઘલકને ઈસ્લામ ધર્મનો વિરોધી કહ્યો છે. ડૉ.ઈશ્વરપ્રસાદે તેના વિશે કહ્યું છે કે, મધ્યયુગમાં રાજમુગુટ ધારણ કરનાર મુહમ્મદ બિન તુઘલક નિઃ સંદેશ યોગ્ય વ્યક્તિ હતો. મુસ્લિમ શાસનની સ્થાપના પછી દિલ્હીના સિંહાસનને સુશોભિત કરનાર શાસકોમાં તે સર્વાધિક વિદ્વાન તેમજ સુસંસ્કૃત શાસક હતો. તેણે તેના સિક્કા પર **'અલ– સુલતાન–બિલ્લી–અલ્લાહ'** વાક્યને અંકિત કરાવ્યું હતું.

GK Master 9537627593

# ફિરોજશાહ તુઘલક
## (1351-1388)

| | |
|---|---|
| જન્મ : | 1309 |
| પિતા : | રજબ મલિક |
| માતા : | બીબી નાયલ્લ |
| વંશ : | તુઘલક |
| ધર્મ : | ઈસ્લામ |
| મૃત્યુ : | 20 સપ્ટેમ્બર 1388 |

→ તે મુહમ્મદ બિન તુઘલકનો ભાઈ અને ગ્યાસુદ્દીન તુઘલકનો નાનો ભાઈ રજબનો પુત્રો હતો. તેનો જન્મ <u>ઈ.સ 1309</u>માં થયો હતો. તેની માતાનું નામ <u>બીબી નાયલ્લ</u> હતું. તેણી અબોહરના રજપૂત રાજા <u>રણમલ ભટ્ટી</u>ની પુત્રી હતી તથા તેણીને બળજબરીથી રજબ સાથે પરણવા માટે ગ્યાસુદ્દીન દ્વારા ફરજ પડાઈ હતી. આ લગ્નથી <u>ફિરોજ</u>નો જન્મ થયો હતો. મુહમ્મદ બિન તુઘલકના મૃત્યુ પછી <u>20 માર્ચ 1351</u>માં ફિરોજશાહ તુઘલકનો રાજ્યાભિષેક <u>થટ્ટા</u>ની નજીક થયો. ફરી ફિરોજનો રાજ્યાભિષેક <u>દિલ્હી</u>માં <u>ઓગસ્ટ 1351</u>માં થયો. ઉંમરલાયક થતાં જ ફિરોઝને વહીવટ તથા યુધ્ધ કલાનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. મૂહમ્મદ બિન તુઘલકને તેના આ પિતરાઈ ભાઈ ઉપર ઘણો પ્રેમ હતો અને તે ફિરોઝને પોતાનો ઉત્તરાધિકારી બનાવવા માંગતો હતો. વળી, મૂહમ્મદ તુઘલક અપુત્ર હતો.

→ સુલતાન બન્યા પછી ફિરોઝ તુઘલકે દિલ્હી સલ્તનતથી અલગ થયેલા પોતાના પ્રદેશોનું પાછા જીતવાના અભિયાન અંતર્ગત બંગાળ તેમજ સિંધ પર આક્રમણ કર્યું. બંગાળને જીતવા માટે સુલતાને <u>ઈ.સ 1353</u>માં આક્રમણ કર્યું હતું ત્યારે ત્યાંનો શાસન <u>શમ્સુદ્દીન ઈલિયાસશાહ</u> હતો, પરંતુ સુલતાન ફિરોજ તેમાં <u>અસફળ</u> રહી <u>ઈ.સ 1355</u>માં પાછો દિલ્હી ફર્યો હતો. ફરી બંગાળમાં પોતાનો અધિકાર અને વિજય મેળવવા <u>ઈ.સ 1359</u>માં ફિરોજ તુઘલકે ત્યાંના શાસક શમ્સુદ્દીનનો પુત્ર <u>સિંકદરશાહ</u> પર આક્રમણ કર્યું, પરંતુ તેમાં પણ સુલતાન <u>અસફળ</u> રહી પાછો દિલ્હી મુકામે આવ્યો હતો.

GK Master 9537627593

→ **ઈ.સ 1360**માં ફિરોઝે **જાજનગર(ઉડીસા)** પર આક્રમણ કરી ત્યાંના શાસક **ભાનુદેવ તૃતીય**ને પરાજિત કરી પુરીના જગન્નાથ મંદિર પૂરીનો ધ્વંસ કર્યો હતો. **ઈ.સ 1361**માં ફિરોઝે **નગરકોટ** પર આક્રમણ કરી વિજય મેળવ્યો હતો. ફિરોઝશાહ તુઘલકના આ બધા યુધ્ધો પોતાના સામ્રાજ્યને બચાવવા માટે કર્યા હતા વધારવા માટે નહિ.

→ ફિરોઝે આંતરિક વ્યાપાર વધારવા માટે અનેક કર સમાપ્ત કર્યા હતા. **જૌનપુરનગર**ની સ્થાપના તેનો ભાઈ **મુહમ્મદ બિન તુઘલક(જૌનખાન)**ની સ્મૃતિમાં સ્થાપ્યું હતું. તેના શાસનકાળમાં **દાસપ્રથા** પ્રચલિત હતી. દાસની સંખ્યા લગભગ **1,80,000** પહોંચી ગઈ હતી. સૈનિક પદને વંશાનુગત કર્યા હતા તથા મુસલમાન અપરાધિઓને મૃત્યુદંડ આપવાનું બંધ કરાવ્યું હતું. તેણે ખિજ્રાબાદ તથા મેરઠથી અશોકના બે સ્તંભલેખો મંગાવી દિલ્હીમાં સ્થાપિત કરાવ્યા હતા. ફિરોજ કટ્ટર **સુન્ની મુસલમાન** હતો. દિલ્હી સલ્તનતમાં પ્રથમવાર બ્રાહ્મણો પાસેથી જજિયા કર વસૂલ કર્યો હતો. હેનરી ઈલિયટ અને ઈલફિન્સટે ફિરોઝને **'દિલ્હી સલ્તનતનો અકબર'** કહ્યો છે. ફિરોઝશાહ તુઘલકની સફળતાઓનો સાચો શ્રેય તેનો પ્રધાનમંત્રી **ખાન–એ–જહામકબૂલ**ને જાય છે.

- **ગૃહનીતિ** : ફિરોઝશાહ તુઘલકે સત્તા સંભાળ્યા બાદ **મલિક મકબૂલ**ને સલ્તનતનો મુખ્ય પ્રધાન બનાવ્યો હતો. તે મૂળ તેલંગણાનો બ્રાહ્મણ હતો. મૂહમ્મદ બિન તુઘલકના સમયમાં પ્રજાએ અનેક યાતના ભોગવી હતી તેથી પ્રજાનો વિશ્વાસ સંપાદિત કરવા તેણે રાજકીય ૠણ માફ કર્યું. ફિરોઝ સુધારાવાદી સુલતાન હતો. તેણે પ્રજાને ન્યાય શાંતિ, સલામતી આપવા મહત્તમ સુધારાવાદી પગલાઓ લીધા હતા. સલ્તનતમાં અનેક બળવાઓ મૂહમ્મદ બિન તુઘલકના સમયમાં થયા હતા અને તેથી ચોમેર અશાંતિ તથા અરાજકતા પ્રવર્તતી હતી. પ્રજામાં નૈતિકતા ઘટી ગઈ હતી. વળી, ઘણાં રાજ્યો સ્વતંત્ર બની ગયા હતા. આવા રાજ્યો પુન : જીતવા ફિરોઝે પ્રયત્ન કર્યો ન હતો. વાસ્તવમાં ફિરોઝ **શાંતિપ્રિય** અને **સુધારાવાદી** હતો, તેથી જ તેણે તેનું લક્ષ્ય સુધારા તરફ કેન્દ્રિત કર્યું હતું. તેથી જ તેના સમયમાં લાંબો સમય શાંતિ ટકી રહી હતી. તેણે નીચે પ્રમાણે સુધારાઓ કર્યા હતા.

- **આર્થિક ક્ષેત્રે સુધારાઓ** : ફિરોઝશાહ તુઘલકે ગાદી ઉપર આવતાની સાથે જ દિલ્હી સલ્તનતની આર્થિક સ્થિતિ સુધારવા તરફ ખાસ લક્ષ્ય આપ્યું હતું. તેના પૂર્વજોની અયોગ્ય–આર્થિકનીતિને કારણે પ્રજાને પારાવાર કષ્ટ ઉઠાવવું પડયું હતું, તેથી પ્રજાના ઘા રૂઝવવા, પ્રજામાં વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે મૂહમ્મદ બિન તુઘલકે પ્રજાને આપેલ તગાવીની રકમ માફ કરી,

GK Master 9537627593

કર્મચારીઓના પગાર વધાર્યા, પ્રાંતોના હિસાબો આપવા દિલ્હી આવતા ત્યારે આપવામાં આવતા શારીરિક ત્રાસ આપવાની પ્રથા બંધ કરી તથા સલ્તનતની આવકમાં આનુમાનિક આંકડા પણ તૈયાર કરાયા હતા.

→ ફિરોઝે જાતે પ્રાંતોની મુલાકાત લીધી તથા નાણાંકીય આવકના સાધનો તપાસ્યા તથા 6 વર્ષના પરિશ્રમ બાદ **6 કરોડ 85** લાખ ટંકાની વાર્ષિક આવક નિર્ધારિત કરી. ફિરોઝના શાસનકાળ દરમિયાન આ આવક ચાલુ રહી હતી તથા તેણે નિર્ધારિત કરેલ ઉપરોક્ત રકમમાં ફેરફાર થયો ન હતો. તેના મહત્ત્વના બીજા આર્થિક ફેરફારોમાં જમીન મહેસૂલ સંબંધી હતા. તેણે જમીનના માપ અને ઊપજને લક્ષ્યમાં ન લેતા અનુભવીઓના મંતવ્યના આધારે ફેરફારો કર્યા હતા. તેણે જૂના કષ્ટદાયક 24 પ્રકારના કર દૂર કર્યા હતા. તેમાં મકાન, ગૌચર કે જે પ્રજાકીય અસંતોષનું કારણ હતા તે દૂર કર્યા. ઉપરાંત ખેડૂતો ઉપરનું ભારણ ઘટાડવા માટે પ્રાંતોના સૂબાઓએ દર વર્ષે સુલતાનને ભેટ આપવાની પ્રથા હતી તે પણ બંધ કરી કારણ કે ભેટની રકમ પ્રજા પાસેથી વસૂલ થતી હતી. તેણે કુરાનના આદેશ પ્રમાણે માત્ર 4 કર વસૂલ કરવાનું શરૂ કર્યું હતું જે નીચે મુજબ છે.

1) **ખમ્સ** : એ લડાઈમાંથી મળેલી લૂંટની સંપત્તિનો પાંચમો ભાગ**(1/5)** શાહી ખજાનામાં જતો, બાકીનો શેષ ભાગ**(4/5)** સૈનિકોને વહેંચી દેવામાં આવતો.

2) **ખરાજ(ખિરાજ)**: એ ભૂમિકર હતો, જે હિંદુ ખેડૂતો પાસેથી લેવામાં આવતો. તે ખેત–પેદાશના **1/3** અથવા **1/2** ભાગ લેવામાં આવતો અને ઉલેમાની સ્વીકૃતિ પછી તેણે શુર્બ(શર્બ) નામે સિંચાઈ કર નાખ્યો હતો.

3) **જકાત** : દરેક મુસ્લિમે તેની કુલ આવકના **2-1/2** ટકા રાજ્યને ધાર્મિક બાબત માટે આપવાના રહેતા હતા.

4) **જજિયા** : એ બિન–મુસ્લિમો(હિંદુઓ) પાસેથી તેમના રાજકીય, સામાજિક અને આર્થિક અધિકારોના રક્ષણના બદલામાં લેવાતો, સુલતાને ઉલેમાઓની સલાહથી બ્રાહ્મણો પર જજિયાવેરો અને ખેડૂતો પર **1/10** જેટલો સિંચાઈ કર(હક્ક–એ–શર્બ) નાખ્યો હતો. આ સિંચાઈ કર સરકારી તિજોરીમાં નહિં, પરંતુ રાજાની અંગત નિધિમાં જમાં થતો. સિંચાઈ કરની વાર્ષિક આવક બે લાખ ટકાં થતી, જે વિદ્યાના ઉત્તેજન અને વિદ્વાનોના નિભાવ અર્થે વપરાતી.

→ આ ઉપરાંત ફિરોઝે જે ખેડૂતો રાજ્યો દ્વારા તૈયાર કરવામાં આવેલ સિંચાઈ સુવિધાનો લાભ લે તે ખેડૂતો આ ઊપજ **1/10 %** કર પેટે આપે તેવું ઉલેમાઓની મંજૂરી બાદ વસૂલ કરવાનું શરૂ કર્યું હતું તથા રાજ્યના

GK Master 9537627593

નિયમથી વધુ વસૂલાત ન કરવા માટે તેણે અધિકારીઓને કડક સૂચના આપી હતી.

→ ખેતીવિષયક સુધારાની સાથે સાથે તેણે વ્યાપારને સમૃધ્ધ કરવા અનેક પ્રકારના કર દૂર કર્યા કે જેથી આયાત–નિકાસ સરળ બને. ફિરોઝે આ પ્રમાણે સલ્તનતના આર્થિક ઉત્થાન તરફ વિશેષ લક્ષ્ય આપ્યું હતું. વ્યાપાક ઉદ્યોગ વિષયક નીતિમાં તેણે સલ્તનતમાં 36 નવા શાહી કારખાના સ્થાપ્યા, જેમાં મોટાભાગની વસ્તુઓ શાહી ઉપયોગ માટે નિર્માણ થતી. દરેક કારખાનું એક ઉચ્ચ કક્ષાના મલિકની દેખરેખ નીચે હતું, જે **'મુતશર્રિફ'** નામે ઓળખાતો. ફિરોઝના રાજ્ય અમલના આ સઘળા કારખાનાનો મુખ્ય મુતશર્રિફ(મહાનિર્દેશક) **ખ્વાજા અબુલ હસન** હતો.

- **સિંચાઈ :** ફિરોઝાબાદમાં પાણીની તંગી હતી, તેથી ઉલેમાઓને પૂછ્યા બાદ આ તંગી દૂર કરી. સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરવા માટે નહેરનું નિર્માણ કર્યું. તેણે મુખ્ય પાંચ નહેરો તૈયાર કરાવી હતી. આ ઉપરાંત 50 હજાર લોકોને આ નહેરોના બાંધકામ દરમ્યાન રોજી–રોટી પૂરા પાડવામાં આવ્યા હતા. આ નહેરોમાં મુખ્ય નહેર **યમુનાથી હિસ્સાર** સુધીની **240** કિલોમીટરની હતી.**(રાજીવાહ નહેર)**, બીજી **સતલજ નદીથી ઘગ્ગર** સુધીની **154** કિલોમીટરની હતી **(ઉલુગખાની નહેર)**, ત્રીજી **માંડવી તથા સીરમોર**ની પહાડીમાંથી નીકળીને **હાંસી સુધી**, ચોથી **ઘગ્ગરથી ફિરોઝાબાદ** સુધી, પાંચમી **યમુનાથી ફિરોઝા**બાદ સુધીની નહેરો બંધાવી હતી, જેના ભગ્ન અવશેષો આજે પણ જોવા મળે છે. આ ઉપરાંત યાંત્રિકો તથા સિંચાઈ માટે 150 કૂવાઓ તૈયાર કરાવ્યા. આ સિંચાઈવાળા વિસ્તારોમાં ઘઉં, મસૂર, શેરડી તથા ફળના બગીચાઓ તૈયાર કરાવી વિપુલ ઉત્પાદન લેવાનું શરૂ કરવામાં આવ્યું હતું.

- **સાર્વજનિક બાંધકામ :** ફિરોઝશાહ તુઘલક યુધ્ધપ્રિય કરતા સુધારાવાદી વિશેષ હતો તેથી જ તેણે વિજયો કરતા પ્રજાલક્ષી બહુહેતુક સુધારોઓ તરફ તથા સાર્વજનિક નિર્માણ તરફ વિશેષ અભિરૂચિ બતાવી હતી. તેણે વિપુલ પ્રમાણમાં બાંધકામો કરાવ્યા હતા. તેણે તૂટેલી ઈમારતો સમરાવી હતી. તેણે ફિરોઝાબાદ નગરના રાજમહેલની ટોચ ઉપર **'તાસ–એ–ઘડિયાળ'** (Tas-i-Ghariyal) નામે સાર્વજનિક ટાવર મુકાવ્યો હતો, જ્યાંથી દર કલાકે ટકોરા વાગતા. તેણે તેના જમાનાના ખ્યાતનામ વિજ્ઞાનીઓની મદદથી વર્ષ દરમિયાન આકાશમાં તારા અને ગ્રહોનું ચોક્કસ સ્થાન દર્શાવતો **'ઉસ્તુરલેબ'**(Usturlab) નામે ખગોળશાસ્ત્રીય ચાર્ટ તૈયાર કરાવ્યો હતો. અફીફના વિવરણ મુજબ 'ફિરોઝ સુલતાને આવાસીય મકાનો પર ચિત્રો દોરવાનો પ્રતિબંધ ફરમાવ્યો હતો. કારણ કે ચિત્રકલા ઈસ્લામની વિરુધ્ધ છે. તેણે આદેશ આપ્યો હતો કે માત્ર બગીચાના દ્રશ્યો જ ચિત્રિત કરવા જોઈએ.' તે દર શુક્રવારે

GK Master 9537627593

સંગીતકારોને શાહી મહેલમાં મહેફિલ માટે આમંત્રિત કરતો હતો.

- **ન્યાય–પ્રજાકલ્યાણ** : ફિરોઝની ન્યાયવ્યવસ્થા ઈસ્લામિક કાનૂન ઉપર આધારિત હતી. તેણે સલ્તનતના મહત્ત્વના સ્થળોએ અદાલત (દારૂલ–એ–અદલ)ની સ્થાપના કરાવી હતી. દિલ્હીમાં એક તથા પ્રાંતોના મુખ્ય નગરોમાં એક કાઝી ન્યાય માટે નિયુક્ત કર્યો હતો. ફિરોઝ દયાળુ પ્રકૃતિનો હતો. તેણે સચ્ચાઈ પુરવાર કરાવવા ગુનેગારને શારીરિક ત્રાસ(રીમાન્ડ) આપવાની પ્રથા બંધ કરાવી તેમ જ શિક્ષાનું પ્રમાણ ઘટાડવામાં આવ્યું. ઘણીવાર ગુનેગારને દયાવશ થઈને શિક્ષા કરવામાં નહોતી આવતી. તેનું પરિણામ ખરાબ આવ્યું હતું.

→ તેણે પ્રજાકલ્યાણ માટે ઘણા કર્યો કર્યા હતા. આ યુગમાં તેણે રોજગાર કચેરી ખોલી હતી. તેમાં બેકારોની યાદી રાખવામાં આવતી હતી તથા દરેકને તેની યોગ્યતા પ્રમાણે કામ આપવાની પ્રથા તેણે શરૂ કરી, આ ઉપરાંત તેણે 'દિવાન–એ–ખેરાત' શરૂ કરેલ. તેમાંથી મુસ્લિમ કન્યાઓના લગ્ન, વિધવા–અનાથને સહાય આપવામાં આવતી હતી. સુલતાને પોતાની સલ્તનતની પ્રજાના કલ્યાણ માટે કેટલાક કલ્યાણકારી કે પરોપકારી પગલાઓ લીધા હતા. તેણે મુસ્લિમ બેકાર લોકોને રોજગાર અપાવવા માટે દિલ્હી ખાતે 'દફતર–એ–રોજગાર' નામે એક 'રોજગાર કાર્યાલય'ની સ્થાપના કરી હતી. તેણે રાજધાનીમાં ગરીબ અને અસહાય મુસ્લિમોની સહાયતા માટે 'દીવાન–એ–ખેરાત'(દાન–ધર્મ ખાતું)ની સ્થાપના કરી હતી. આ ખાતુ વિધવાઓ અને અનાથોનું ભરણપોષણ કરતું તેમ જ નિર્ધન મુસ્લિમો તેમની કન્યાઓના લગ્ન માટે આર્થિક સહાય કરતું હતું. તેણે બીમાર મુસ્લિમોને મફત દવા મળી રહે તે માટે રાજધાની દિલ્હી પાસે 'દારૂલ–સફા' (ધર્માદા ચિકિત્સાલય)ની સ્થાપના કરી, તેમાં દર્દીઓના રોગનું નિદાન કરવાની અને ખોરાક સહિત તેમને સારવાર આપવાની વ્યવસ્થા સરકારી ખર્ચે કરવામાં આવતી. આ ઉપરાંત ગુલામની દેખભાળ માટે 'દીવાન–એ–બંદગાહ' તથા વૃધ્ધોની સારસંભાળ માટે 'દીવાન–એ–ઈસ્તિયાક' ની રચના કરી હતી.

- **શૈક્ષણિક** : ફિરોઝને વિદ્યામાં વિશેષ અભિરૂચિ હતી. તે વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તેમને નિશ્ચિત ભથ્થા આપતો હતો તથા તેના દ્વારા અનેક મદ્રેસાઓ શરૂ કરી હતી. તેને ઈતિહાસમાં પણ અભિરૂચિ હતી. ઈતિહાસકાર બર્ની તથા શમ્સે–એ–સિરાઝ અફિફ ફિરોઝની આર્થિક મદદથી જ પોતાના ગ્રંથોની રચના કરી શક્યા હતા. ફિરોઝે પોતે પણ 'ફુતુહાત–એ–ફિરોઝશાહી' નામની આત્મકથા લખી હતી. તેને ચિકિત્સાશાસ્ત્રોમાં રસ હતો. કાંગડા વિજય દરમિયાન એક પુસ્તકાલય હાથ લાગ્યું. તેમાંના ઘણાં ગ્રંથોનું તેણે ફારસીમાં ભાષાંતર કરાવ્યું.

GK Master 9537627593

- **મુદ્રા સુધારણા** : સમકાલીન ઈતિહાસકારોના વિવરણ મુજબ સુલતાન ફિરોઝે અનેક પ્રકારના નવા સિક્કાઓ ચલણમાં મૂક્યા હતા, પરંતુ આધુનિક ઈતિહાસકારોના મતે તેના શાસનકાળ દરમિયાન મર્હૂમ સુલતાન મુહમ્મદ બિન તુલઘકના સિક્કાઓ પ્રચલિત હતા. એમ કહેવાય છે કે તેણે 6 જિતલનો **'શશગની'**નામનો ચાંદીનો એક નવો સિક્કો ચલણમાં મૂક્યો હતો. તેમજ શશગનીનો અડધો ભાગ **'દોગાની'** પણ અમલમાં મૂક્યો હતો. ફિરોઝશાહે મુહમ્મદ તુઘલકના ચલણને પુન : વ્યવસ્થિત કર્યું અને તેમાં નવા સિક્કાઓ ઉમેર્યા. તેણે સલ્તનતની ગરીબ પ્રજાની સુવિધા માટે અડધા અને ચોથા ભાગના જિતલ(ચાંદી અને તાંબાની મિશ્ર ધાતુ)ના નાના સિક્કાઓ પ્રચલિત કર્યા હતા. આ સિક્કાઓ અનુક્રમે **'આધા'** અને **'બિખ'** કહેવાતા. સુલતાને સિક્કાઓ ઢાવળા માટે શાહી ટંકશાળની વ્યવસ્થા કરી હતી. તેનો અધ્યક્ષ **કજરશાહ** હતો, પરંતુ શાહી ટંકશાળ સુવ્યવસ્થિત ન હતી. તેનો અધ્યક્ષ કજરશાહ સિક્કાઓની બનાવટમાં ધાતુની શુધ્ધતા પર યોગ્ય ધ્યાન આપતો નહિં. તે પોતે **'શશગની'** નામના સિક્કાઓમાં ચાંદીનું પ્રમાણ ઓછું રાખીને અન્ય હલકી ધાતુ ભેળવીને સિક્કાઓ પાડતો હતો.

- **ધાર્મિક** : ફિરોઝ અમીરો તથા ઉલેમાઓની મદદથી ગાદી ઉપર આવ્યો હતો. તદ્દુપરાંત સ્વભાવ, શિક્ષણને કારણે પણ ધર્મમાં અભિરૂચિ હતી, તેથી જ અલ્લાઉદ્દીન અને મૂહમ્મદ બિન તુઘલકથી વિપરિત જઈને તેણે રાજનીતિ તથા લૌકિક બાબતોમાં પણ ઉલેમાઓની સલાહ લેવાનું શરૂ કર્યું. ઉલેમાઓનો દ્રષ્ટિકોણ સંકુચિત હતો. પરિણામે રાજ્યને ઘણું નુકસાન થયું. તેથી જ ફિરોઝ હિંદુઓ તરફ વધુ પડતી કટ્ટરનીતિ અમલમાં મૂકી હતી. તેણે બ્રાહ્મણો પાસેથી પણ જજિયા વસૂલ કરવાનું શરૂ કર્યું કે જે વસૂલાત આજ સુધીમાં કોઈએ કરી ન હતી.

- **ગુલામી પ્રથાને ઉત્તેજન** : ફિરોઝશાહ તુઘલકને ગુલામોનો શોખ હતો. તેની પાસે કુલ **1 લાખ 80 હજાર** ગુલામો હતા. તેમાં 40 હજાર સુલતાનની સેવામાં હતા. તેને માટે એક ખાસ અધિકારી નીમ્યો હતો. ફિરોઝ ગુલામોને શિક્ષણ આપવા માટે પ્રબંધ કર્યો હતો. આ પ્રથાને તેણે ઉત્તેજન આપ્યું તેથી રાજ્યને ઘણું નુકસાન થયું હતું. ભવિષ્યમાં આ ગુલામી પ્રથા જ સલ્તનતના નાશ માટે કારણભૂત બનેલ.

- **લશ્કર** : ફિરોઝનું લશ્કરી સંગઠન **સામંતશાહી** આધારિત હતું. અલ્લાઉદ્દીને કરેલા ઉત્તમ લશ્કરી પ્રબંધને સુપૂર્ણપણે બંધ કર્યો તથા સૂબાહો તથા અધિકારીઓને આધીન લશ્કર રાખવાની પ્રથા શરૂ કરી તેમજ ઘોડેસવારો અને પદાધિકારીઓનું પદ **વંશાનુગત(પૈતૃક)** બનાવ્યું. આ ઉપરાંત

GK Master 9537627593

સૈનિકોને પગારને બદલે **જાગીર** આપવાની પ્રથા શરૂ કરી. પ્રાંતોમાં મહેસૂલ ઉઘરાવવાના ઈજારા સૈનિકોને આપવાનું શરૂ કર્યું. આ પ્રથાને કારણે ભ્રષ્ટાચાર ખૂબ વધી ગયો. ફિરોઝે આ ઉપરાંત અનેક સૈનિક પગલાઓ એવા લીધા હતા કે જેને કારણે સલ્તનતનું લશ્કર ખૂબ જ નબળું પડી ગયું.

- **કેળવણી અને સાહિત્યને પ્રોત્સાહન** : ફિરોઝને ઈતિહાસમાં પણ ઘણો રસ હતો. તેણે **'કુતુહાત–એ–ફિરોઝશાહી'** નામે પોતાની આત્મકથા લખી છે. **ઝિયાઉદ્દીન બર્ની** અને **શમ્સે સિરાજ અફીફ** એ તેના દરબારના ખ્યાતનામ ઈતિહાસકારો (વૃત્તાંતકારો) હતા. આઈન–ઉલ–મુલ્કે **'ઐનુલ–મુલ્કી'** અને **'મુન્શત–એ–માહરૂ'** ઉર્ફે **'ઈન્શા–એ–માહરૂ'** નામે પ્રસિદ્ધ ગ્રંથો લખ્યા. ઈન્શા–એ–માહરૂ એ સરકારી પત્રવ્યવહારનો સંગ્રહ છે. તે સમયની ભારતની રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ વિશે ઘણી માહિતી તેમાંથી મળી રહે છે. ફિરોઝના શાસનકાળમાં **'રાગદર્પણ'** નામે ભારતીય શાસ્ત્રીય પુસ્તકનો અનુવાદ ફારસી ભાષામાં થયો હતો. સુલતાનના રાજકીય સંરક્ષણ હેઠળ અનેક સંસ્કૃત ગ્રંથોના ફારસીભાષામાં અનુવાદો થયા હતા તેમજ તેણે નગરકોટના જ્વાલામુખી મંદિરના ભંડારમાંથી 13000 સંસ્કૃતગ્રંથોની હસ્તપ્રતો મેળવી હતી. તેમાંથી દર્શન અને નક્ષત્રશાસ્ત્રને લગતા મહત્ત્વના 300 ગ્રંથોને ફારસી ભાષામાં અનુવાદિત કરાવ્યા હતા. તેમાંના એકનું નામ **'દલાયત–એ–ફિરોઝશાહી'** રાખવામાં આવ્યું હતું જે **અજીજુદ્દીન ખાલિદ કિરમાણી** લખ્યો છે. પોતાની હિંદુ ધર્મ વિરોધી નીતિની વચ્ચે તેણે જૈન સંત **જમ્બુજી**ને ભૂમિજળ અનુદાન પ્રદાન કર્યું હતું.

- **અવસાન** : ફિરોઝશાહ તુઘલકનું **20 સપ્ટેમ્બર 1388**માં મૃત્યુ થયું. મુસ્લિમ વિચારધારા પ્રમાણે ફિરોઝ કટ્ટર છતા આદર્શ અને દયાળુ રાજવી હતો. તેના વ્યક્તિત્વ માટે વિભિન્ન મંતવ્યો પ્રવર્તે છે. બર્ની તથા અફિફના મતે મૂહમ્મદ બિન તુઘલક પછી સત્તા ઉપર આવેલા આ સુલતાન સૌથી વધુ દયાળુ, ન્યાયપ્રિય અને ઉદાર શાસક હતો. જ્યારે ઉપરોક્ત સમકાલીન લેખકોની અતિ પ્રશંસાથી પ્રભાવિત થઈને ઈલિયટ તથા એલ્ફિન્સ્ટને ફિરોઝને **મધ્યયુગનો અકબર** કહ્યો છે. જ્યારે ઈતિહાસકાર સ્મિથે તેનો વિરોધ કર્યો છે તથા નોંધે છે કે ફિરોઝની અકબર સાથે તુલના કરવી એ નરી મૂર્ખતા છે, છતાં પણ તેણે સાર્વજનિક કલ્યાણ અને સદ્ભાવનો સંદેશો આપ્યો. તેણે યુધ્ધને બદલે પોતાની શક્તિ પ્રજા કલ્યાણમાં વાપરી હતી તથા તેને જ પ્રાધાન્ય આપ્યું. આધુનિક ઈતિહાસકારો ફિરોઝની શાસનપ્રણાલીની પ્રશંસા કરે છે. તેનું રોજગાર દફતર, દાનવિભાગ, પાઠશાળા, વિદ્વાનોને ખાસ ભથ્થા, યાત્રિકો, નોકરો તરફનો તેનો અભિગમ પ્રશંસનીય હતો.

GK Master 9537627593

→ ફિરોઝના જીવનમાં પ્રશંસનીય ગુણો હતા. તેવી જ રીતે તેના જીવનનું બીજું પણ પાસું હતું. તેનામાં અનુભવી સૈનિક કે સેનાપતિનો એક પણ ગુણ ન હતો. તેણે જે યુધ્ધો કર્યા તેનાથી રાજ્યને કોઈ ફાયદો થયો નહિં. બીજી ખામી તેની વધુ પડતી ઉદારતા હતી. પરિણામે સલ્તનતમાં લાંચ–રુશ્વત ખૂબ જ વધી ગઈ હતી. ત્રીજી ખામી વેતનને બદલે જાગીર આપવાની પ્રથા શરૂ કરી તે હતી. ચોથી ખામી લશ્કરી સંગઠનમાં સામંતશાહી તત્ત્વ દાખલ કર્યું તે હતી. પાંચમી અને સૌથી અગત્યની ખામી તેની ધર્માંધતા હતી. બહુમતી હિંદુ પ્રજાના રોજિંદા જીવનમાં તેણે હસ્તક્ષેપ કર્યો, ધર્માંતરને અમર્યાદ ઉત્તેજન આપ્યું, તેણે અનેક મંદિરો તોડયા તથા બળજબરીપૂર્વક અનેક હિંદુઓને મુસ્લિમ બનવા ફરજ પાડી, તેની ધર્માંધતાની સમકાલીન મુસ્લિમ ઈતિહાસકારોએ પ્રશંસા કરી છે, પરંતુ ભારતના લાખો લોકોના હૃદયમાં ફિરોઝ માટે નફરત હતી અને તે જ કારણે સલ્તનત વધુ નબળી પડી.

GK Master 95376 27593

# તુઘલક વંશના અન્ય શાસકો

- **ગ્યાસુદ્દીન તુઘલક દ્વિતીય (1389) :**

→ ગ્યાસુદ્દીન તુઘલક દ્વિતીયને **ઈ.સ 1389**માં ફિરોજશાહ તુઘલકના મૃત્યુ પછી દિલ્હીના સિંહાસન પર આવ્યો. તે ફિરોજનો પુત્ર **ફતેહખાનનો પુત્ર** હતો.

→ ગ્યાસુદ્દીન તુઘલકને **'તુઘલકશાહ'**ના નામથી પણ ઓળખવામાં આવતો.

→ તેની વિલાસી અને અકુશળતાઓને કારણે અસંતુષ્ટ સરદારોએ તેની હત્યા કરી નાખે છે. ત્યારબાદ ફિરોજશાહનો પૌત્ર જફરખાનનો પુત્ર **અબુબક્ર** ગાદીએ આવે છે.

- **અબુબક્ર (1389-1390) :**

→ અબુબક્ર **ફેબ્રુઆરી 1389**માં દિલ્હી સલ્તનતની ગાદીએ બેઠો હતો. તે ફિરજનો પૌત્ર **જફરખાનનો પુત્ર** હતો. એપ્રિલ 1398માં શાહજાદા મુહમ્મદે પોતાને સમાનામાં સુલતાન ઘોષિત કરી દિલ્હી પર આક્રમણ કર્યું. તે અબુબક્રને ગાદી પરથી પદભ્રષ્ટ કરી **ઓગસ્ટ 1390**માં **'નાસિરૂદ્દીન મુહમ્મશાહ'**ની ઉપાધિ સાથે દિલ્હી સલ્તનતની ગાદીએ આવ્યો.

- **નાસિરૂદ્દીન મુહમ્મદશાહ (1390-1394) :**

→ તેને **દારૂ** પીવાનું ખૂબજ વ્યસન હતું અને તેથી જ **ઈ.સ 1394**માં તે મૃત્યુ પામે છે.

→ તેના મૃત્યુ બાદ તેનો પુત્ર **હુમાયુ**એ **'અલ્લાઉદ્દીન સિંકદરશાહ'**ની ઉપાધિથી દિલ્હીની ગાદી પર આવ્યો, પરંતુ **6** અઠવાડિયામાં જ તેનું પણ મૃત્યુ થાય છે.

GK Master 9537627593

- **નસરતશાહ તુઘલક (1394-1398) :**

→ નસરતશાહ **ફિરોજનો પૌત્ર** હતો. તેણે માત્ર 3 વર્ષ જ શાસન કર્યું હતું.

→ પોતાના શાસનકાળમાં **ફિરોજાબાદ**માં તે દરબાર ભરતો હતો.

→ જાન્યુઆરી 1394માં નસરતશાહને ગાદી પર બેસાડવામાં આવ્યો, પરંતુ 3 વર્ષ શાસન કરી **ઈ.સ 1398**માં તેની હત્યા કરી દેવામાં આવે છે.

→ નસરતશાહના મૃત્યુ પછી **મહમૂદ તુઘલક**, તુઘલકવંશનો એકમાત્ર નિર્વિરોધ પ્રતિનિધિ રહ્યો.

- **મહમૂદ તુઘલક (1398-1412) :**

→ મહમૂદ તુઘલક દિલ્હીના તુઘલક વંશનો અંતિમ સુલતાન હતો. તેના શાસનકાળમાં ઘણા સંઘર્ષો અને વિદ્રોહ થયા હતા. મહમૂદ તુઘલકના સમયમાં દિલ્હી સલ્તનતથી દક્ષિણ ભારત, બંગાળ, ખાનદેશ, ગુજરાત, માળવા, રાજસ્થાન, બુંદેલખંડ વગેરે પ્રદેશો સ્વતંત્ર થઈ ગયા હતા.

→ તેના સમયમાં **તૈમુરલંગે ઈ.સ 1398**માં **દિલ્હી** પર આક્રમણ કર્યું હતું, તેના આક્રમણથી ભયભીત થઈ મહમૂદ તુઘલક રાજધાની છોડી ભાગી ગયો હતો. **15** દિવસ સુધી દિલ્હીમાં રહ્યા પછી તૈમૂર પાછો ફર્યો અને **ખિજ્રખાન**ને તૈમૂરે જીતેલા પ્રદેશોનો રાજ્યપાલ નિયુક્ત કર્યો હતો.

→ **ઈ.સ 1412**માં મહમૂદ તુઘલકનું મૃત્યુ થયું હતું. ત્યાર બાદ **ઈ.સ 1413**માં દિલ્હી સિંહાસન માટે **દૌલતખાન લોદી** તથા **ખિજ્રખાને** દિલ્હીની ગાદી પર અધિકાર જમાવ્યો અને **સૈય્યદ વંશ**ની સ્થાપના કરી.

**આ રીતે ગ્યાસુદીન તુઘલક ભારત પર સ્થાપેલ તુઘલક વંશનો અહીં કાયમી માટે અંત આવે છે.**

**જય હિન્દ, જય ભારત**

Master Mind
GK MASTER
Add Whatsapp no. 95376 27593

GK Master 95376 27593